# ફોટો અહેવાલ

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ



AMC મુખ્ય ઓફિસ દાણાપીઠ ખાતે નવનિયુક્ત સર્વે પદાધિકારીઓની શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવતા ચેરમેન શ્રી ડો સુજયભાઈ મહેતા તથા વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક.




તા:- ૧૫/૦૯/૨૦૨૩

આપણા યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસના આગલા દિવસે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત "ભિક્ષા નહિ શિક્ષા" ઉમદા અભિગમ થી ચાલતી સિગ્નલ સ્કૂલના વિદ્યાર્થીઓ અને મ્યુ. શાળામાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓને સાબરમતી સ્થિત ક્રુઝની સફર કરાવવામાં આવી









તા: ૧૬/૦૯/૨૦૨૩

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ હસ્તક ઉત્તર પશ્ચિમ ઝોનની થલતેજ પ્રાથમિક શાળા નં-૨ માં નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સાયન્સસીટી ખાતે પ્રારંભ થયેલ "ફ્લાયટ રાઈડ સ્ટીમ્યુલેટર એક્ઝિબિશન બસ" નો શુભારંભ કરવામાં આવ્યો. તેમજ શાળાના પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને સ્વચ્છતાની પ્રતિજ્ઞા લેવામાં આવી.

દર સોમવારે જુદી જુદી શાળાઓમાં ફ્લાયટ રાઈડ સિમ્યુલેટર એક્ઝિબિશન બસ જશે. સ્કૂલબોર્ડની શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીને ભવિષ્યમાં એવિએશન ક્ષેત્રે કારકિર્દી બનાવવા પ્રેરિત કરશે અને પોતે આ વિમાનની રોમાંચિત અનુભૂતિ કરી જીવનના નવા લક્ષ્યો નિર્માણ કરી શકશે.










તા: ૧૮/૦૯/૨૦૨૩

ગુજરાત હાઈકોર્ટના સન્માનીય ચીફ જસ્ટીસશ્રી શ્રીમતી સુનીતા અગ્રવાલજી દ્વારા સિગ્નલ સ્કૂલ તથા થલતેજ ગુ.શાળા નં-૨ ખાતે શુભેચ્છા મુલાકાત લેવામાં આવી. તેઓએ દરેક વિદ્યાર્થીઓ સાથે પરિચય કેળવી તેમનામાં રહેલ વિવિધ સ્કિલ જાણી તેમજ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઇનામ તથા સિગ્નલ સ્કૂલના શિક્ષકોને બાલ કેળવણી ગિજુભાઈ બધેકાનું પુસ્તક પોતાના સ્વ હસ્તે વિતરણ કર્યું, તેમજ સ્માર્ટ (અનુપમ) શાળા અંતર્ગત રોબોટિક લેબ તથા ફ્યુચર ક્લાસરૂમની પણ મુલાકાત લીધી.










તા: 30/0૯/૨0૨૩

માનનીય મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામા જીસીઇઆરટી ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે આયોજિત શહેર કક્ષાના "બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન - 2023 "નું લોકાર્પણ કરવામાં આવ્યું. આ પ્રદર્શનમાં ધોરણ ૬ થી ૮ના સ્કૂલ બોર્ડના ૧૦૦૦ બાળ વૈજ્ઞાનિકો દ્વારા વિવિધ વિષયો પર કૃતિઓ રજૂ કરવામાં આવી. અને શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને સ્મૃતિ ચિહન તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.





તા: ૦૪/૧૦/૨૦૨૩

AMC હેરિટેજ વિભાગ દ્વારા આયોજિત ભારતની એકતા અને અખંડિતતાનાં શિલ્પી તથા આધુનિક ભારતના ઘડવૈયા સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખપદના શતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલ ખાતે ઇતિહાસકાર ડૉ. રિઝવાન કાદરીની ઉપસ્થિતિમાં વ્યાખ્યાન કાર્યક્રમમાં યોજાયો.







તા: ૧૩/૧૦/૨૦૨૩

શકિત અને આરાધના પર્વ "નવરાત્રી" નિમિતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા શહેરકક્ષાની " રાસ – ગરબા મહોત્સવ " હરીફાઈની પ્રસ્તુતિ અને ઇનામ વિતરણ સમારોહ માન .મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજાયો.

વિદ્યાર્થીઓ દ્વારા ખુબ જ સુંદર રીતે ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી. આ સ્પર્ધામાં પ્રથમ,  દ્વિતીય અને તૃતીય ક્રમે આવનારને સ્કૂલ બોર્ડ તરફથી પારિતોષિક આપવામાં આવ્યા, અને સર્વે સ્પર્ધકો અને સિગ્નલ સ્કૂલના બાળકોને પણ પ્રોત્સાહક ઇનામ આપવામાં આવ્યા



તા: ૧૮/૧૦/૨૦૨૩

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને જર વિતરણ કરવામાં આવ્યાં.**










તા: ૨૨/૧૦/૨૦૨૩

આજરોજ આદરણીય કેન્દ્રીય ગૃહ, સહકારિતા મંત્રીશ્રી તેમજ  ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ શ્રી અમિતભાઈ શાહ સાહેબના જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ પશ્ચિમ લોકસભાના સાંસદશ્રી ડો. કિરીટભાઈ સોલંકી, અને ઇન્ડિયન ઓઇલ કોર્પોરિશનના CSR સહયોગથી સ્કુલ બોર્ડના 341 વિદ્યાર્થીઓને સ્કુલબોર્ડના બાળકોને સ્કુલ બેગ વિતરણ કાર્યક્રમ યોજાયો.












તા: ૨૨/૧૦/૨૦૨૩

સિગ્નલ સ્કૂલના વિધાર્થીઓ તેમના વાલીઓનું ગુજરાત હાઇ કોર્ટના ચીફ જસ્ટિસ આદરણીય સુનિતા અગ્રવાલજીના સૂચનથી "હેલ્થ ચેકઅપ કૅમ્પ" અને સિગ્નલ સ્કૂલ તેમજ સ્કૂલ બોર્ડની શાળામાં અભ્યાસ કરતા વિધાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત "કૌશલ્ય વિકાસના ભાગરૂપે તૈયાર કરેલ કૃતિઓ તથા દિવાળી કાર્ડનું પ્રદર્શનનું આયોજન" મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું.
આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સતા મંડળ દ્વારા સિગ્નલ સ્કૂલના વિધાર્થીઓને ડેન્ટલકીટ આપવામાં આવી તેમજ સિગ્નલ સ્કૂલમાં આવતા વિધાર્થીઓના વાલીઓને અ.મ્યુ.કો. આરોગ્ય વિભાગ દ્વારા આયુષ્યમાન કાર્ડ(PMJAY) પણ સ્થળ ઉપરથીજ કરી આપવામાં આવ્યું.









તા: ૨૫/૧૦/૨૦૨૩

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ તારીખ 31/ 10/ 22 ના રોજ "રાષ્ટ્રીય એકતા દિવસ"ની ઉજવણીના ભાગરૂપે, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ હસ્તક પશ્રિમ ઝોન – ૧ની શહીદ વીર કેપ્ટન નિલેશ સોની પ્રા. શાળામાં સ્કૂલ બોર્ડના ચેરમેન ડૉ. સુજયભાઈ મેહતા ઉપસ્થિતિ રહી "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લીધા તેમજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ વિશે પ્રશ્નોતરી કરી અને માર્ગદર્શન આપ્યું









તા: 30/૧૦/૨૦૨૩

**ધનતેરસના શુભદિને મુખ્ય ઓફિસ ખાતે પૂજાનું આયોજન કરવામાં આવ્યું.**









તા: ૧૦/૧૧/૨૦૨૩

# સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સફાઈ અભિયાન









તા: ૨૫/૧૧/૨૦૨૩

ગુજરાત સરકાર પ્રેરિત ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદ મ્યુ. કોર્પોરેશન અને અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડ દ્વારા "ભિક્ષા નહિ શિક્ષા" ના ઉમદા હેતુથી ચલાવવામાં આવી રહેલ "સિગ્નલ સ્કૂલ" પ્રોજેક્ટને NIEPA દ્વારા Innovation And Good Practices In Educational Administrative ના ભાગરૂપે અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડના AO શ્રી ડો. એલ. ડી. દેસાઈને રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ ભારત સરકારના શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનજી ના હસ્તે તા.૦૪-૦૫/૧૨/૨૦૨૩ના રોજ નવી દિલ્લી ખાતે આપવામાં આવ્યો તેના માનમાં કાર્યક્રમ યોજાયો.









તા: ૧૮/૧૨/૨૦૨૩

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત દરેક શાળામાં વોર્ડકક્ષાની સૂર્ય નમસ્કાર સ્પર્ધા યોજાઈ. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.









તા: ૧૯/૧૨/૨૦૨૩

આજરોજ કાંકરિયા કાર્નિવલ-૨૦૨૩માં અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડ અને જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આયોજિત "બાલ નગરી"નો પ્રારંભ મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનજીના હસ્તે કરવામાં આવ્યું. જેમાં અમદાવાદ મ્યુ સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા બાલ નગરીમાં વિવિધ પ્રવુતિ કરવામાં આવી.









તા: ૨૫/૧૨/૨૦૨૩

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત કાળી ગામ અનુપમ સ્માર્ટ શાળામાં પુષ્યનક્ષત્ર નિમિત્તે સુવર્ણ પ્રાશન સંસ્કારવિધિના આઠમા તબક્કાનો કાર્યક્રમ યોજાયો. જેમાં સાબરમતી વિધાનસભાના માન. ધારાસભ્યશ્રી ડૉ.હર્ષદભાઇ પટેલ, સ્કૂલબોર્ડના માન. ચેરમેનશ્રી ડૉ. સુજયભાઈ મહેતા તથા રાણીપ વોર્ડના કાઉન્સિલરશ્રી અને મહામંત્રીશ્રી ઉપસ્થિત રહયા. મહેમાનશ્રીઓએ વિધાર્થીઓને સ્વાસ્થ્ય અને તંદુરસ્તી માટે યોગ અને સૂર્ય નમસ્કારનું મહત્વ સમજાવ્યું તથા બાળકોને સામાન્ય જ્ઞાન અને સ્વચ્છતા માટે પ્રોત્સાહિત કર્યા.









તા: ૨૯/૧૨/૨૦૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવલ – 2023માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા ખુબ સુંદર રીતે કૃતિ રજુ કરવામાં આવી.
આ કાર્યક્રમમાં મ્યુનિ. સ્કૂલના બાળકોનાં ઉત્સાહને વધારવા સ્કૂલબોર્ડના ચેરમેન ડો. સુજય મહેતા, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી વિપુલભાઈ સેવક, સ્કૂલ બોર્ડના Dy Mc શ્રી સી. એમ. ત્રિવેદી, શાસનાધિકારીશ્રી ડૉ. એલ.ડી. દેસાઈ, વિવિધ કમિટીના ચેરમેન અને ડેપ્યુટી ચેરમેનશ્રીઓ, સ્કૂલબોર્ડ સભ્યશ્રીઓ, સ્કૂલબોર્ડના અધિકારીશ્રીઓ, શિક્ષકો ઉપસ્થિતિ રહ્યા હતા.










તા: 30/૧૨/૨૦૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત,વાઈબ્રન્ટ અમદાવાદ નેશનલ બુક ફેર-2024 ના નવમા સંસ્કરણને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ખુલ્લો મુક્યો હતો.

જેમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા સ્કીલ ડેવલોપમેન્ટ અંતર્ગત કૃતિઓનું પ્રદર્શન યોજવામાં આવ્યું











તા: ૦૬/૦૧/૨૦૨૪

વિક્રમ રબારી દ્વારા સંશોધિત અને આલેખિત "ગાંધી વિચાર: શાશ્વત વિશ્વશાંતિ" પુસ્તકનું વિમોચન ગાંધીજીના કર્મસ્થાન એવા સત્યાગ્રહ આશ્રમ ખાતે કરવમાં આવ્યું હતું.
આ પુસ્તકમાં ડો. વિક્રમ રબારી દ્વારા ગાંધીજીના વિશ્વશાંતિ વિશેના વિચારોને સરળ ભાષામાં લોકભોગ્ય થાય એ રીતે સમજાવવામાં આવ્યુ છે. આ વિમોચન પ્રસંગે જાણીતા ઇતિહાસકાર ડો. રીઝવાન કાદરી એ ગાંધીજીના વિશ્વશાંતિના વિચારોને અનુલક્ષીને પ્રાસંગિક ઉદબોધન આપ્યું હતું. આ પુસ્તક વિમોચન પ્રસંગે ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત રાજ્યના ચુંટણી કમિશનર શ્રી સંજય પ્રસાદ,આઈ.આઈ.ટી.ઈના કુલપતિ શ્રી હર્ષદભાઈ પટેલ, રેરાના પૂર્વ ચેરમેન શ્રી અમરજીત સીંઘ અમદાવાદ મ્યુ. સ્કુલ બોર્ડના ચેરમેન શ્રી સુજયભાઈ મહેતા અને શાસનાધિકારી ડો.એલ.ડી દેસાઈ સહિતના વિવિધ મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.





તા: ૦૮/૦૧/૨૦૨૪

Vibrant Gujarat 2024 અતર્ગત Exibition હૉલમાં આત્મનિર્ભર ભારત અનુસંધાને AMC દ્વારા ખૂબ આકર્ષક અને અસરકારક પ્રદર્શન વિભાગ નિર્માણ કરવામાં આવ્યો છે જેમાં AMC દ્વારા સફળ 15 પ્રોજેક્ટને રજૂ કરવામાં આવ્યા છે,
જેમાં રાજ્ય સરકારના સહયોગથી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અભિગમથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ દ્વારા મહાનગરના વિવિધ ચાર રસ્તા ઉપર ભીક્ષા વૃત્તિ કરતા શિક્ષણથી વંચિત બાળકોને "ભિક્ષા નહી શિક્ષા" ના શ્રેષ્ઠ ઉદ્દેશથી શિક્ષણ આપવામાં આવે તે માટે ચાલતી ૧૨ સિગ્નલ શાળાઓનો સફળ પ્રયોગ કે જેને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે તેનો એક સ્ટોલ (વિભાગ)સામેલ છે.
સિગ્નલ સ્કૂલ મોડલ મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. આ સ્ટોલની મુલાકાત લેનાર તમામ મુલાકાતીઓનો નવી જીજ્ઞાસા સાથે આવે છે અને સિગ્નલ અભિગમની માહિતી મેળવી ખૂબ પ્રભાવિત થયા છે.





તા: ૧૨/૦૧/૨૦૨૪

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતી અમદાવાદના શાસનાધિકારી શ્રી ડૉ. એલ. ડી. દેસાઈ દ્વારા AMC સ્કૂલ બોર્ડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યુ.









તા: ૧૮/૦૧/૨૦૨૪

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રીતમપુરા ગુજરાતી શાળા નંબર-1 માં અણુવ્રત વિશ્વ ભારતી સોસાયટી દ્વારા અણુવ્રત ગીત મહાસંગાન કાર્યક્રમનું આયોજન માન.મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યું.**









તા: ૧૮/૦૧/૨૦૨૪

**આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની થલતેજ અનુપમ પ્રાથમિક શાળા નં- 2 ખાતે મિશન સ્કૂલ ઓફ એક્સલન્સના સંદર્ભે ભારતના ઉપરાષ્ટ્રપતિશ્રીના ધર્મપત્નિ શ્રીમતી સુદેશ ધનખડજી દ્વારા શાળાની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી.**










તા: ૧૯/૦૧/૨૦૨૪

**શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં ઉજવણી કરવામાં આવી.**











તા: ૨૨/૦૧/૨૦૨૪

આજરોજ થયેલ રામલલા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે રખિયાલ હિન્દી શાળા નંબર 1 ના ધોરણ 7 ના વિદ્યાર્થી રાજ ગુપ્તા દ્વારા ખુબ સુંદર રીતે અનુચિત્રણ કરવામાં આવ્યું.




તા: ૨૨/૦૧/૨૦૨૪

બજેટ ૨૦૨૪-૨૫ પ્રેસ કોન્ફરન્સ માન. મેયર શ્રીમાતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજવામાં આવી. જેમાં ઔડાના પૂર્વ ચેરમેનશ્રી ધર્મેન્દ્રભાઈ શાહ ,ડેપ્યુટી મેયરશ્રી જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, દંડક શ્રી શીતલબેન ડાંગા, AMTS ચેરમેનશ્રી ધરમસિંહ  દેસાઈ ,સ્કૂલ બોર્ડ ચેરમેન ડો. સુજય મહેતા, સ્કૂલ બોર્ડ ડેપ્યુટી ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારીશ્રી ડૉ. એલ.ડી. દેસાઇ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, ઇલેક્ટ્રોનિક મીડિયા અને પ્રિન્ટ મીડિયા ઉપસ્થિત રહ્યા.










તા: ૨૪/૦૧/૨૦૨૪

ભારતનાં ૭૫મા પ્રજાસત્તાક દિને ધ્વજ વંદન કાર્યક્રમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો. જેમાં અમદાવાદ મ્યુ. સ્કૂલ બોર્ડના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર રીતે કૃતિ રજૂ કરવામાં આવી.









તા: ૨૬/૦૧/૨૦૨૪

સ્કૂલ બોર્ડ અમદાવાદ સંચાલિત ઇસનપુર પબ્લિક સ્કૂલમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું.
આ દિવસે ચેરમેન ડો.સુજયભાઇ મહેતાનો જન્મદિવસ હોવાથી તેમના હસ્તે શાળાના ૫ દિવ્યાંગ બાળકોને  શૈક્ષણિક કિટ આપવામાં આવી હતી




તા: 30/0૧/૨૦૨૪

કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અને ગાંધીનગર લોકસભાના લોકપ્રિય સાંસદ આદરણીયશ્રી અમિતભાઈ શાહજી ના વરદ્હસ્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત "વીર શહીદ વિનોદભાઈ સોલંકી વાડજ અનુપમ (સ્માર્ટ) પ્રાથમિક શાળા- ૧/૩" નું લોકાર્પણ કરવામાં આવ્યું.



તા: ૧૨/૦૨/૨૦૨૪

સિગ્નલ  સ્કૂલના બાળકોનો “શહેરકક્ષાનો રમતોત્સવ” આજરોજ ગુજરાત હાઈકોર્ટના સન્માનીય ચીફ જસ્ટીસશ્રી શ્રીમતી સુનીતાબેન અગ્રવાલજીની અધ્યક્ષતામાં યોજાયો, રમતોત્સવમાં બાળકોએ ખુબ ઉત્સાહથી ભાગ લીધો અને ખૂબ સુંદર પ્રદર્શન કરવામાં આવ્યું.




તા: ૧૭/૦૨/૨૦૨૪

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ સંચાલિત એલિસબ્રીજ શાળા નંબર 17 ખાતે નવીનીકરણ કરીને તૈયાર કરવામાં આવેલ સ્પોર્ટસ સંકુલની મુલાકાત એલિસબ્રિજના માનનીય ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી ડૉ. સુજયભાઈ મહેતા, શાસનાધિકારીશ્રી ડૉ. એલ.ડી દેસાઈ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રી જીગરભાઈ શાહ, નવરંગપુરા વૉર્ડ ના કોર્પોરેટર શ્રી હેમંતભાઈ પરમાર, શ્રી નિરવભાઈ કવિ તેમજ સંગઠનના હોદ્દેદારશ્રીઓ દ્વારા લેવામાં આવી સંકુલ અંતર્ગત માર્ગદર્શન લીધું.









તા: ૨૫/૦૨/૨૦૨૪

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના ચેરમેન ડો. સુજય મહેતાને અને ડેપ્યુટી ચેરમેન શ્રી વિપુલભાઈ સેવકની પુનઃ નિયુક્તિ કરવામાં આવી તે કાર્યક્રમની ક્ષણો











તા: ૦૧/૦૩/૨૦૨૪

આજરોજ અમદાવાદ મહાનગરપાલિકાના રૂ. 641 કરોડથી વધુના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કાર્યક્રમ અંતર્ગત માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના વરદ્હસ્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત સરસપુર ગુજરાતી શાળા નંબર – ૧૧ , નિર્ણયનગર પ્રાથમિક શાળા, ઘેલજીપુરા પ્રાથમિક શાળા, ગુજરાત હાઉસિંગ બોર્ડ પ્રાથમિક શાળા અને ચેનપુર પ્રાથમિક શાળામાં બનાવેલ નવા મકાનનું ઈ-લોકાર્પણ  કરવામાં આવ્યું.










તા: ૦૪/૦૩/૨૦૨૪

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ગુજરાત રોડ સેફટી ઓથોરીટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સંયુક્ત ઉપક્રમે 'રોડ સેફટી માસ' ની ઉજવણી નિમિત્તે શહેર કક્ષાની વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ.











તા: ૦૭/૦૩/૨૦૨૪

આજરોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા માનનીય દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી સાહેબના આહવાનથી મ્યુનિ. સ્કૂલ બોર્ડના બાળકોની ગાંધી આશ્રમ ખાતે પ્રેરણાત્મક મુલાકાતનો શુભારંભ માન. મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનના હસ્તે ઝંડી આપી કરવામાં આવ્યો. જેમાં શાળાઓનાં ૧૦૦૦ બાળકોએ ગાંધી આશ્રમ ની પ્રેરણાત્મક મુલાકાત લીધી.



તા: ૧૩/૦૩/૨૦૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકના ઉત્તર પશ્ચિમ ઝોનની મેમનગર પ્રાથમિક શાળામાં "પોષણ અભિયાન"નો શુભારંભ માનનીય મેયર શ્રીમતિ પ્રતિભાબેન જૈનની અધ્યક્ષતામાં યોજાયો. વિદ્યાર્થીઓ દ્વારા મિલેટની લાઈવ વાનગીઓનું , વિજ્ઞાનના પ્રયોગોનું પ્રદર્શન કરવામાં આવ્યું. તેમજ મતદાન જાગૃતિ તથા સ્વચ્છતા કાર્યક્રમ દ્વારા જાગૃતિ ફેલાવવાની પ્રતિજ્ઞા લેવામાં આવી.




તા: ૧૩/૦૩/૨૦૨૪

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગર લોકસભાના સાંસદ શ્રી અમિતભાઇ શાહ સાહેબ દ્વારા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજી ની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ પ્રભારી મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલજી અને મેયર શ્રી પ્રતિભાબેન જૈનની ઉપસ્થિતિમાં રૂ. 3012 કરોડના ખર્ચે 63 પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.















તા: ૧૪/03/૨૦૨૪

આપણા યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાન અનુસાર નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાત કરવામાં આવી.



તા: ૧૯/૦૩/૨૦૨૪

આપણા યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના આહ્વાનથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાત કરવામાં આવી.



તા: ૨૭/૦૩/૨૦૨૪

ડૉ. કિન્નરભાઈ પટેલના પિતાજી સ્વ બળદેવભાઈ અંબાલાલ પટેલની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ઓગણજ ખાતે આરવ પાર્ટી પ્લોટમાં "ભિક્ષા નહીં શિક્ષા"ના ધ્યેયથી, AMC સ્કૂલ બોર્ડ સંચાલિત સિગ્નલ સ્કૂલના બાળકોને આવકારવાનો કાર્યક્રમ યોજાયો, જેમાં બાળકોનું સ્વાગત પુષ્પવર્ષા દ્વારા કરવામાં આવ્યું, ત્યારબાદ પંગતમાં બેસાડીને તિથી ભોજન પીરસ્યું.
આ ઉપરાંત વિવિધ મનોરંજન તથા રમત ગમત પ્રવૃત્તિઓ કરાવી તથા શૈક્ષણિક કીટ ઉપહાર સ્વરૂપે આપી.



તા: 30/0૪/૨૦૨૪

**ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અ.મ્યુ.કો તથા AMC સ્કૂલ બોર્ડ ના સંયુક્ત ઉપક્રમે, સિગ્નલ સ્કૂલના માધ્યમથી સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિશ્રી માન. વિક્રમનાથજીના વરદ્ હસ્તે બાલવાટિકા બસ શરૂ કરવામાં આવી.**









તા: ૦૪/૦૫/૨૦૨૪

નિકોલ વિધાનસભાના મ્યુનિસિપલ શાળાના બાળકોને સત્રની શરૂઆત રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા તથા રાજ્ય કક્ષાના મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનશેરિયાના વરદ હસ્તે ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાયો.




તા: ૧૩/૦૬/૨૦૨૪

**માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે તેમજ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૩૦ સ્માર્ટ શાળાઓનું લોકાર્પણ કાર્યક્રમ યોજાયો.**










તા: ૨૧/૦૬/૨૦૨૪

## વિરાટનગર ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત લોટસ પબ્લિક સ્કૂલ નું લોકાર્પણ કેબિનેટ મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.









તા: ૨૪/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો








તા: ૨૬/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવની ક્ષણો




તા: ૨૬/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો



તા: ૨૬/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો




તા: ૨૭/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો













તા: ૨૭/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો













તા: ૨૮/૦૬/૨૦૨૪

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ક્ષણો













તા: ૨૮/૦૬/૨૦૨૪

**સિગ્નલ સ્કૂલનો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રી સુનિતા અગ્રવાલ જીની ઉપસ્થિતિમાં યોજાયો.**









તા: ૨૮/૦૬/૨૦૨૪

આજે તા ૦૬/૦૭/૨૦૨૪ને શનિવારે સામાજિક સંસ્થા કૈલાશ ગ્રુપના સહયોગથી તેમજ નરોડા વિધાનસભાના ધારાસભ્ય શ્રી ડો પાયલબેન કુકરાણીની પ્રેરણાથી મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓમાં મેનસ્ટ્રુઅલ કીટ વિતરણનો કાર્યક્રમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત એસ.આર.પી. અનુપમ (સ્માર્ટ) શાળા ખાતે યોજાયો.






તા: ૦૬/૦૭/૨૦૨૪

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સિગ્નલ સ્કૂલના બાળકોનો મેડિકલ હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો તથા લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યું.









તા: ૧૫/૦૭/૨૦૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ હસ્તકની બાપુનગર હિન્દી શાળા નં-૧ તથા બાપુનગર ગુજરાતી શાળા નં-૨માં સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ચોપડા વિતરણનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલો, જેમાં ભાજપા ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, બાપુનગર વોર્ડના મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીઓ, સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન શ્રી જોગેન્દ્રસિંહ રાજપૂત, ટ્રસ્ટીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા.
આ કાર્યક્રમમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.













તા: ૧૫/૦૭/૨૦૨૪

ગુજરાત રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી આદરણીય શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીના જન્મદિવસના અવસરે  અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ડૉ. સુજયભાઈ મહેતા, વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક તથા શાસનાધિકારી શ્રી ડૉ એલ.ડી દેસાઈ એ રૂબરૂ મુલાકાત કરીને તેઓશ્રી ને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી.



તા: ૧૬/૦૭/૨૦૨૪

આજરોજ તા ૧૬/૦૭/૨૦૨૪ને મંગળવારે AMC દ્વારા પૂર્વ ઝોનના વસ્ત્રાલ વોર્ડમાં નવનિર્મિત આદિનાથનગર પબ્લિક સ્કૂલનો લોકાર્પણ કાર્યક્રમ  યોજાયો.









તા: ૧૬/૦૭/૨૦૨૪

આજે તા ૧૯/૦૭/૨૦૨૪ને શુક્રવારે મણિનગર વિધાનસભાના ધારાસભ્ય શ્રી અમુલભાઈ ભટ્ટ દ્વારા શાળાઓની મુલાકાત કરવામાં આવી, જેમાં સ્કુલ બોર્ડના વાઇસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, ડે. મ્યુ. કમિશ્નર શ્રી સી.એમ. ત્રિવેદી, સ્કૂલ બોર્ડના શાસનાધિકારી શ્રી ડૉ. એલ.ડી દેસાઈ , મ્યુનિસિપલ કાઉન્સિલર શ્રીઓ, અધિકારીઓ તથા શિક્ષકો હાજર રહ્યા.









તા: ૧૯/૦૭/૨૦૨૪

આજરોજ તારીખ 20/07/2024 શનિવાર ના રોજ અમદાવાદની બિગ લીપ કિડ્સ ક્લબ નહેરુનગર દ્વારા પાલડીના ફતેહપુરા સ્થિત અમદાવાદ મ્યુનિ. શાળા નં:- 12 ખાતે ધોરણ :- 6, 7 અને 8 માટે જ્ઞાન સાથે ગમ્મતના હેતુથી આધુનિક ટેક્નોલોજી વિષયક માહિતી તથા સામાન્ય જ્ઞાનમાં વધારો થાય તે પ્રકારના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં (1) ધોરણ 6ના વિદ્યાર્થીઓ માટે જીગ સો પઝલ (2) ધોરણ 7ના વિદ્યાર્થીઓ માટેસ્વતંત્રતા સેનાનીઓને ઓળખો તથા (3)ધોરણ 8ના વિદ્યાર્થીઓ માટે ડ્રોન અંગેની વિવિધ જાણકારી એમ વિવિધ વર્કશોપમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.









તા: ૨૦/૦૭/૨૦૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ હસ્તક ઉત્તર પશ્ચિમ ઝોનના અધિકારી શ્રીઓ તથા શિક્ષકો દ્વારા IEC એક્ટિવિટી અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા અનુસાર ચાંદીપુરા વાયરસ બાબતે સવારે તમામ શાળાઓમાં પ્રાર્થના સભામાં વાલીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રાખી માહિતગાર કરવામાં આવ્યા.

આ સાથે વર્ગોમાં પણ વિદ્યાર્થીઓને પત્રિકા પ્રદર્શિત કરી આ બાબતે જાગૃત કરવામાં આવ્યા હતા, ઉપરાંત શિક્ષકો દ્વારા પોકેટ એરિયામાં વિદ્યાર્થીઓના ઘરે જઈને માર્ગદર્શિકાનું વિતરણ કરી વાલીઓને સમજૂતી આપી સ્વચ્છતા જાળવવા ,ચાંદીપુરા વાયરસ તેમજ મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ધ્યાનમાં રાખવાની બાબતોથી જાગૃત કરવામાં આવ્યા હતાં.






તા: ૨૩/૦૭/૨૦૨૪

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત રામદેવનગર પ્રાથમિક શાળાને ગ્રીનશાળા બનાવવા માટે આ વર્ષે તમામ સ્ટાફ મિત્રો દ્વારા એક અભિયાન ચલાવવામાં આવ્યું. જે અંતર્ગત શાળામાં 80×2×2 ફૂટ લાંબો એક ક્યારો બનાવવામાં આવ્યો. આ ક્યારામાં આશરે ત્રણ ટ્રેક્ટર જેટલી માટી ભરવામાં આવી. ત્યારબાદ આ ક્યારામાં 15 બોરી જેટલું ખાતર નાખવામાં આવ્યું. આ ક્યારામાં લગભગ 100 જેટલા છોડનું વાવેતર કરવામાં આવ્યું છે.

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની આ શાળામાં વૃક્ષારોપણ થઈ શકે તેવી જગ્યા ન હોવા છતાં ૧૦૦ જેટલા છોડનુ વાવેતર થવું તે શાળાની પ્રતિબદ્ધતા બતાવે છે.





તા: ૨૪/૦૭/૨૦૨૪

૨૫માં કારગિલ વિજય દિવસની ઉજવણી નિમિત્તે અસારવાના ચમનપુરા ખાતે સ્થિત અસારવા ગુજ. શાળા નં:-૨૦/૨૭ તથા અસારવા હિન્દી શાળા નં:-:૫/૮ ખાતે શહીદ ગોપાલસિંહ ભદોરિયાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો.





તા: ૨૬/૦૭/૨૦૨૪

આપણા યશસ્વી વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આહ્વાનથી અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ, પશ્ચિમ ઝોન-2ની કુલ ૮ શાળાના ધોરણ ૬ થી ૮ ના ૧૦૦૦ વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની પ્રેરણાત્મક મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા.

જેમાં લોકગાઇડ તરીકે તાલીમ લીધેલ બાળકો દ્વારા મુલાકાત લેનાર તમામ વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમમાં ગાંધીજીના નિવાસ સ્થાન " હૃદય કુંજ ", પ્રાર્થના ખંડ , મ્યુઝીયમ વગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.





તા: ૦૬/૦૮/૨૦૨૪

આજે તા ૦૯/૦૮/૨૦૨૪ને શુક્રવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા શહીદ દિનની ઉજવણીના ભાગરૂપે ગુજરાત કોલેજ ખાતે શહીદોની ખાંભી સુધી બેન્ડ સાથે સ્કાઉટ રેલી યોજવામાં આવી તથા શહીદ વિનોદ કિનારીવાલાજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી.









તા: ૦૯/૦૮/૨૦૨૪

આજરોજ તા ૦૯/૦૮/૨૦૨૪ને શુક્રવારે શહીદ દિવસની ઉજવણીના ભાગરૂપે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓમાં તિરંગા યાત્રા તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો.










તા: ૦૯/૦૮/૨૦૨૪

ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના "હર ઘર તિરંગા" અભિયાનને અનુસરી આજે અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની મુખ્ય કચેરી સ્કાઉટ ભવન ખાતે, ચેરમેન શ્રી ડો સુજયભાઈ મહેતા, વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારી શ્રી ડૉ. એલ.ડી. દેસાઈ તથા નાયબ શાસનાધિકારી શ્રી પરિમલભાઈ પટેલની ઉપસ્થિતમાં તેમજ અન્ય કર્મચારીઓ સાથે મુખ્ય પ્રવેશદ્વાર પર તિરંગા લગાડવામાં આવ્યા.









તા: ૧૨/૦૮/૨૦૨૪

હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિરાટનગર ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી માનનીય શ્રી અમિતભાઈ શાહ તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તિરંગા યાત્રાનું આયોજન કર્યું હતું.



તા: ૧૩/૦૮/૨૦૨૪

# ૭૮માં  સ્વતંત્રતા દિવસ નિમિત્તે શાળામાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયાં.











તા: ૧૫/૦૮/૨૦૨૪

આજે સ્વતંત્રતા દિવસ નિમિત્તે નહેરૂ પાર્ક વસ્ત્રાપુર ખાતે અ.મ્યુ.કો દ્વારા શહેરના મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈનની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો.

આ કાર્યક્રમ દરમિયાન શાળા દ્વારા તિરંગા રેલી પણ યોજવામાં આવી હતી.









તા: ૧૫/૦૮/૨૦૨૪

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ અંગ્રેજી ઝોનની શાળાઓના વિદ્યાર્થીઓની ગાંધી આશ્રમ ખાતે શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત પરિચય મૂલાકાત કરાવવામાં આવી...





તા: ૧૬/૦૮/૨૦૨૪

તા ૧૮/૦૮/૨૦૨૪ને રવિવારે ગાંધીનગર લોકસભામાં કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી તથા ગાંધીનગર લોકસભાના સાંસદ માનનીય શ્રી અમિતભાઈ શાહજીના વરદ હસ્તે તથા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજીની ઉપસ્થિતિમાં આશરે ૧૦૦૩ કરોડના વિકાસલક્ષી કામોના લોકાર્પણ તથા ખાતમૂહુર્ત કાર્યક્રમ યોજાયા.










તા: ૧૮/૦૮/૨૦૨૪

તા ૨૧/૦૮/૨૦૨૪ને બુધવારે સંજીવની આયુર્વેદિક સરકારી હોસ્પિટલ દ્વારા નવરંગપુરાના રાજીવનનગર ખાતે આવેલ એલિસબ્રીજ ગુજરાતી શાળા નં ૨૯/૩૦ ખાતે "વર્લ્ડ સિનિયર સિટીઝન ડે"ની ઉજવણી નિમિત્તે "જીરિયાટ્રીક કેમ્પ" અંતર્ગત વિનામૂલ્યે આયુષ્ય નિદાન સારવારનું આયોજન કરવામાં આવ્યું.

આ કેમ્પમાં સ્થાનિક રહીશોએ લાભ લીધો હતો.






તા: ૨૧/૦૮/૨૦૨૪

તારીખ ૦૩/૦૯/૨૦૨૪ ને મંગળવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના ચેરમેન શ્રી ડૉ સુજયભાઈ મહેતા તથા સભ્ય શ્રી જીગરભાઈ શાહ દ્વારા આંબલી પ્રાથમિક શાળાની મૂલાકાત કરવામાં આવી.
આ મૂલાકાત દરમિયાન શાળાના ફ્યુચર ક્લાસરૂમની મૂલાકાત કરી શિક્ષકો તથા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડ્યું.






તા: 03/0૯/૨૦૨૪

**શિક્ષક દિન નિમિત્તે સન્માનિય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરક ઉપસ્થિતિમાં તથા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના ટાગોર હોલ ખાતે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિતરણ કાર્યક્રમ યોજાયો**












તા: ૦૫/૦૯/૨૦૨૪

તા ૦૫/૦૯/૨૦૨૪ને બુધવારે શિક્ષક દિન નિમિત્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત કેપ્ટન નિલેશ સોની શાળાના શિક્ષકો દ્વારા ફાળો ઉઘરાવવાની શરૂઆત મુખ્ય ઓફિસ સ્કાઉટ ભવન ખાતેથી કરી, જેના નિમિત્તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના ચેરમેન શ્રી ડૉ સુજયભાઈ મહેતા, વાઈસ ચેરમેન શ્રી વિપુલભાઈ સેવક, શાસનાધિકારી શ્રી ડૉ એલ.ડી. દેસાઈ, સ્કૂલ બોર્ડના સભ્ય શ્રીઓ, અધિકારી શ્રીઓ દ્વારા ફાળો આપી આ સેવા-પરમાર્થ કાર્યની શરૂઆત કર










તા: ૦૫/૦૯/૨૦૨૪

આજે તા ૦૮/૦૯/૨૦૨૪ને રવિવારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત સાર્વજનિક ગણપતિ મહોત્સવમાં, રિન્યુએબલ એનર્જી પ્રદર્શનીમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદના શિક્ષકો દ્વારા રજૂ કરવામાં આવેલ કૃતિના સ્ટોલ પર ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી દ્વારા મૂલાકાત કરવામાં આવી.



તા: ૦૮/૦૯/૨૦૨૪

તા ૧૧/૦૯/૨૦૨૪ને બુધવારે નારણપુરા વિધાનસભાના નવાવાડજ વોર્ડમાં સ્થિત મ્યુનિસિપલ શાળા નં-૩ ખાતે રાજ્ય સરકારના સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નવા નિર્માણ પામનારા શાળાના મકાનનું ભૂમિપૂજન/ ખાતમૂહુર્ત નારણપુરા વિધાનસભાના માનનીય ધારાસભ્ય શ્રી જીતુભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું.



તા ૧૧/૦૯/૨૦૨૪